# 2201002503020016
# EXAMINATION FEBRUARY-MARCH 2024
# BACHELOR OF ARTS (EXTERNAL) (THIRD YEAR)
# GUJARATI - XI - LEVEL 2
# SAHITY NO ASHAWAD AND CHHAND, ALANKAR (APATITH)

[**Time: As Per Schedule**] **[Max. Marks: 100]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
   a. Name of the Examination: **BACHELOR OF ARTS (EXTERNAL) (THIRD YEAR)**
   b. Name of the Subject: **GUJARATI - XI- LEVEL 2 SAHITY NO ASHAWAD AND CHHAND, ALANKAR (APATITH)**
   c. Subject Code No: **2201002503020016**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1 કોઈપણ એક વિશે સર્જનાત્મક નોંધ લખો.** **20**

1. દલિત સાહિત્ય
2. સાહિત્ય અને સમાજ
3. સાહિત્ય અને સમૂહમાધ્યમો

**Q.2** કવિ સર્જકોની કેફિયતને આધારે કોઈપણ એક સર્જકની સર્જન પ્રક્રિયાનો પરિચય કરાવો. **20**

1. ઉમાશંકર જોશી
2. હરીન્દ્ર દવે
3. રાજેન્દ્ર શાહ

**Q.3 ગદ્ય ખંડનું વિવરણ કરો.** **20**

અલંકાર એ રમ્યતા કે આકર્ષણ વધારવા કવિ વાપરે,પણ બહુધા તો તે ભાવસત્યના આવિષ્કાર માટે આવશ્યક છે.નાના રમકડામાં પણ કૂતરા કે વાંદરાનો આકાર યથાતથ ઊતર્યો હોય તો કૂતરાનું સંવેદન આપણને થાય છે, એમ જ આપણા ઉપમા આદિ અલંકારોને પ્રસંગ બને છે. સુંદરીના મુખનું દર્શન કવચિત્ ચંદ્રદર્શન જેટલું રમણીય અને આહલાદક લાગે છે માટે મુખચંદ્ર શબ્દ યોજીએ છીએ,પણ પછી એ શબ્દ અવિવેકથી વપરાય, વપરાતો જ જાય, મુખનો જ પર્યાય બની જાય ત્યારે કવિને પોતાના ચમત્કાર માટે બીજો શબ્દ શોધવો પડે.ભાષાવૃક્ષનું ત્યારે 'મુખચંદ્ર'નું પાનું પાકું થઈને ખરી પડ્યું ગણાય.

વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

**અથવા**

**કાવ્યકૃતિનો આસ્વાદ કરો.** **20**

નિર્દોષ ને નિર્મળ આંખ તારી
હતી હજી યૌવનથી અજાણ,
કીધો હજી સાસરવાસ કાલે,
શૃંગાર તેં શેષ ચિતા મહીં કર્યો!
કૂંળી હજી દેહલતા ન પાંગરી
કૌમાર્ય આછું ઊઘડ્યું ન ઊઘડિયું,
પ્હેરી રહે જીવન ચૂંદડી જરી
સરી પડી ત્યાં તું જ અંગથી એ!
સંસારના સાગરને કિનારે
ઊભાં રહી અંજલિ એક લીધી
ખારું મીઠું એ સમજી શકે ત્યાં,
સરી પડ્યો પાય સમુદ્રની મહીં....!
છો કાળ આવે શિશિરોય આવે,
ને પુષ્પ કૂંળાં દવમાં પ્રજાળે,
સુકોમળી દેહકળી અરે અરે,
વસંતની ફૂંક મહીં ખરી પડી!

-હરિચંદ્ર ભટ્ટ

**Q.4 ચાવીરૂપ સંજ્ઞાઓનો સોદાહરણ પરિચય કરાવો. 20**

1. પતાં કાસ્થાનક

2. સન્નિધિકરણ

3. વિરેચન

4. સાધારણીકરણ

**Q.5** (અ )

1. ઉપમા,અનન્વય, રૂપક, વ્યતિરેક - પૈકી કોઈ પણ બે અલંકાર સોદાહરણ સમજાવો. **5**
2. કોઈપણ બે અલંકાર ઓળખાવી તેના સૌંદર્યને સ્ફૂટ કરો. **5**

1) નારી તારી નાશિકાનો મોર, નોય ભૂષણ ચિત્તનો ચોર.

2) સન્મુખ સાગર લહેરાતો;
જાણે આકાશ જ ઉતારી પાથર્યું.

3) પુષ્પે પાને વિમલ હિમમોતી સરે તેમ છાની
બાની ભીની હ્રદય ભરતી નીતરે છે,સેહની ?

4) કોડ પહોંચ્યા કુંવરવહુના, મામેરું છે રોકજી;
રોક મામેરું મેહતો લાવ્યા,જુવો વૈષ્ણવની વિસાત રે.

(બ)

1. પૃથ્વી, મંદાક્રાંતા, શાર્દૂલવિક્રિડિત,હરિગીત - પૈકી બે છંદ ઉદાહરણ સહિત સમજાવો. **5**
2. કોઈપણ બે છંદ ઓળખાવી બંધારણ સમજાવો. **5**

1) વળાવી બા,આવ્યાં,જીવનભર જે સર્વ અમને

2) ઉપવન વિશે સાંજે જ્યારે હવા હસતી હતી,

3) ચિડાયો ચિત્ર લેનારો,'બગડી પ્લેટ માહરી,
પ્લેટ શું જિંદગીઓ કૈં બગડી રે હરિ હરિ.

4) આજ આકાશના મંડપે મેઘના
નૃત્યના ચંડ પડછંદ ગાજે,

*****